# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E-mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા. ૦૪/૦૬/૨૦૨૫

- **હોમગાર્ડઝમાં અધીકારીની પરીક્ષામાં મોટા પાયે ગેરરીતિ: ભાજપ-આરએસએસ કાર્યકર્તાઓને પ્રાધાન્ય?**

પરીક્ષાઓમાં ગેરરીતિ - ગોટાળા ભાજપ સરકારની ઓળખ બની છે ત્યારે વધુ એક ભરતી પ્રક્રિયામાં ગોટાળા અંગે સવાલ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રવક્તાશ્રી હિરેન બેન્કરે જણાવાયું હતું કે મહેસાણા ખાતે આવેલા સૂંઢિયા ટ્રેનિંગ સેન્ટરમાં છેલ્લા છ દિવસથી કંપની કમાન્ડન્ટ અને ડિવિઝનલ કમાન્ડન્ટની પરીક્ષાનું "બંધ બારણે" આયોજન કરવામાં આવ્યું છે, જેનો આજે છેલ્લો દિવસ છે. આ પરીક્ષાને લઈને અનેક ગેરરીતિના આક્ષેપો સામે આવી રહ્યા છે. આ પરીક્ષા માટે કોઈ સત્તાવાર પરિપત્ર કે જાહેર હુકમ બહાર પાડવામાં આવ્યો નથી. જોકે, ભાજપના કાર્યકર્તાઓ અથવા આરએસએસ સાથે સંકળાયેલા અંગત લોકોને જ આ પરીક્ષામાં બેસવા દેવામાં આવ્યા હોવાનો વિગતો સામે આવી છે.

આ ઉપરાંત, બે મહિના પહેલા પ્લાટૂન કમાન્ડરની પરીક્ષામાં પાસ થયેલા અને જેઓ નિયમો મુજબ ક્રાઈટેરિયામાં નહોતા આવતા, તેવા અધિકારીઓને પણ જિલ્લા કમાન્ડન્ટ અને વડી કચેરીની મિલીભગતથી પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં આવી છે. એવો પણ આક્ષેપ છે કે જે લોકોની પરેડ અને ફરજ માંડ ૨૦% પણ નથી થતી, પરંતુ માત્ર આરએસએસના કાર્યકર્તા હોવાથી તેમને પરીક્ષામાં બેસવા દેવામાં આવ્યા, જે સ્પષ્ટ દર્શાવે છે કે માત્ર મળતિયાઓને જ નિયમ વિરુદ્ધ ભરતી કરવામાં આવી રહી છે.

હોમગાર્ડઝ સભ્યો માટે કડક નિયમો હોવા છતાં, અધિકારીઓ માટે આવા કોઈ નિયમો લાગુ પડતા ન હોવાનું જોવા મળે છે. જેમ કે, કોઈપણ એક પરીક્ષા આપ્યા બાદ એક વર્ષનો ગેપ હોવો જોઈએ, જે અધિકારીઓના નિયમમાં આવતું નથી.

વધુમાં, અમુક અધિકારીઓ એવા પણ છે જેઓ માત્ર હોમગાર્ડ દળમાં રોલ પર નામ ચાલુ રાખે છે. આવા અધિકારીઓ પોતાના યુનિટથી ૨૦૦ કિ.મી. દૂર છેલ્લા ૧૫ વર્ષથી રહે છે અને પરેડ કે ફરજ માટે ક્યારેય આવતા નથી, છતાં પણ તેમને પરીક્ષામાં મોકલવામાં આવ્યા છે. આ પાછળનું કારણ ગુજરાતના જિલ્લા કમાન્ડન્ટોની આરએસએસમાંથી થયેલી નિમણૂક હોવાનું મનાય છે, અને શું આ સમગ્ર પ્રક્રિયા આરએસએસ તથા ભાજપના કાર્યકર્તાઓને અધિકારી રેન્ક સુધી લઈ જવા માટેનું એક મોટું કૌભાંડ છે?.

આ સમગ્ર ઘટના હોમગાર્ડ દળના કમાન્ડન્ટ જનરલશ્રી મનોજ અગ્રવાલની દેખરેખ હેઠળ ચાલી રહી છે. શ્રી મનોજ અગ્રવાલની નિવૃત્તિને માત્ર બે મહિના બાકી છે ત્યારે, શું આ પરીક્ષામાં કોઈ મોટો વહીવટ લેવામાં આવી રહી છે?તેવો પ્રશ્ન પણ ઉઠી રહ્યો છે. સમગ્ર પ્રક્રિયાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગે છે.

**(હિરેન બેન્કર)**

**પ્રવક્તા**